# હાદી
## માસિક

બાળકો અને
નવયુવાનો માટે

ઝુલકાઅદ, હીજરી સન ૧૪૩૨,
ઓકટોબર - ૨૦૧૧

અંક ૩૬



રૂા. 30/-

# અલ્લાહના નેક નામો

العلي

# અલ્-અલીયો

ખુદાવન્દે આલમના મહાન ગુણોમાંથી એક ગુણ (વિશેષણ) કે જે નામ તરીકે પણ પ્રચલિત છે તે-**"અલ્ અલીયો"** છે.

**મહત્વના અર્થ :-**

**(૧) ઉચ્ચતર અને દરેક વસ્તુ ઉપર પ્રભુત્વ ધરાવનાર (૨) ખુબ જ(અતિ) મહાન**

**કુરઆનમાંથી દષ્ટાંત : વલા યુહી તૂના - બે - રાયઈમ - મિન - ઈલ્મેહી...**

**અર્થાત્ :** અને તે જેટલા પ્રમાણમાં ચાહે તેટલા (પ્રમાણમાં) કરતાં વધારે કોઈ તેના જ્ઞાનનો થાહ મેળવી શકતો નથી. તેના રાજ્યાસને આકાશો અને પૃથ્વીઓને પોતાનામાં સમાવી લીધેલ છે અને આકાશો અને પૃથ્વીઓની સારસંભાળ લેવી તે તેના માટે લેશમાત્ર પણ બોજારૂપ નથી અને તે ઉચ્ચ મોભા-(અને) બુઝુર્ગીવાળો છે. (સૂરએ બકરહ-આ. ૨૫૫)

**માઅસૂમીન અ.સ. ની વાણી :- વલા ફવકા કદીરૂન - વ - અન્તલ અલીયુલ કબીર**

**અર્થાત્ :** અને કોઈ તારા ઉપર (કોઈ પણ રીતે) પ્રભુત્વ ધરાવતો નથી. (એટલે કે તું જ બધા ઉપર સંપૂર્ણપણે પ્રભુત્વ ધરાવે છે) અને તું જ ઉચ્ચ મોભાવાળો અને બુઝુર્ગીવાળો છે. (દુઆએ-અરફા)

**આ નામની ખાસિયતો અને ફાયદાઓ :**

(૧) "યા અલીયો" નો મોટા પ્રમાણમાં વિર્દ કરવાથી તે વ્યક્તિ લોકોમાં ઉચ્ચ મોભાવાળો અને આદરને પાત્ર બની જાય છે.

(૨) જો કોઈ વ્યક્તિ દરરોજ સો વખત "યા અલીયો"નો વિર્દ કરતો રહે તો તેના ધન-દોલતમાં વૃદ્ધિ થશે.

(૩) "અલ-અલીયો" લખીને પોતાની પાસે રાખવાથી દરિદ્રતા દૂર થાય છે અને કરજ ભરપાઈ થવા માટે આ અકસીર છે.

(૪) કરજ (લેણું) વહેલી તકે ભરપાઈ થાય તે માટે દરરોજ "યા અલીયો"નો ૧૧૦ વખત વિર્દ કરવો લાભદાયક છે.

(૫) દિવસ દરમ્યાન "મન-હોવા-અલીયુલ-આઅલા"નો ૩૮૪ વખત વિર્દ કરવો તે દુઆ મકબૂલ થવા માટે લાભદાયક છે.

بسم الله الرحمن الرحيم


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com


## ઝુલકાઅદ, હીજરી સન ૧૪૩૨,
## ઓક્ટોબર - ૨૦૧૧

### બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

તમારું પ્રિય માસિક એટલે કે 'હાદી'એ ત્રણ વરસનો પ્રવાસ પૂરો કરી લીધો છે અને આજે તમારા હાથમાં આ છત્રીસમો અંક છે.

આ "હાદી માસિક"ની ત્રાણ વરસની સફર પૂરી થઈ છે તેમાં પરવરદિગારે આલમની દયા અને કૃપા અને હઝરતે માઅસૂમીન (અ.સ.)ની પણ કૃપા દૃષ્ટિ સામેલ રહી છે, નહીં તો અદૃશ્ય સહાયતા વગર આ કાર્ય શક્ય જ નહોતું અને સાથે અસંખ્ય મોઅમેનીનના સહકારે આ કાર્યને આસાન કરી દીધું. ઘણાં મોઅમેનીન ભાઈઓએ અમને પ્રોત્સાહિત કર્યા, સભ્યો બનાવ્યાં, આર્થિક સહાયતા કરી-અમે એ તમામ લોકોના હૃદયપૂર્વક આભારી છીએ.

આ ૩૬(છત્રીસ) અંકોમાં તમને વાર્તાઓ - ટુચકા - દીની જાણકારી અને ઘણીબધી સારીસારી વાતો, એવું ઘણું વાંચવા મળ્યું છે.

અમે તમારા પોતાના 'હાદી' માસિકના વર્ષગાંઠના પ્રસંગે તમને સૌને મુબારકબાદી આપીએ છીએ.

વહાલા બાળકો ! ફક્ત 'હાદી'ના જ ત્રણ વરસ પૂરા નથી થયા - તમે પણ એક વરસ મોટા થઈ ગયાં છો અને તેથી તમારી જવાબદારીઓમાં પણ વધારો થઈ ગયો છે.

વહાલા બાળકો ! દિવસો - માસ - વરસ કેટલા ઝડપથી પસાર થઈ જાય છે કે આપણને તેનો ખ્યાલ પણ આવતો નથી અને સમય પસાર થઈ જાય છે. આપણે પોતાના સમયનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવો જ જોઈએ કેમકે પસાર થઈ ગયેલો સમય કદી પાછો મળતો નથી.

વહાલા બાળકો ! આ માસમાં ઈમામતના સિલસિલાની આઠમી કડીની વિલાદત અને શહાદત બંને છે. આપણે વિલાદતની ખુશાલીમાં ખુશીની મહેફીલ અને શહાદતના શોકમાં અઝાદારીની મજલિસમાં જવાનું ભૂલવું જોઈએ નહીં.

ઋતુમાં પણ ફેરફારો થઈ રહ્યાં છે. ઋતુમાં ફેરફારો આરોગ્યની દૃષ્ટિએ ઘણાં મહત્વના હોય છે, તેથી ઋતુના આ ફેરફારોમાં આપણે દરેક પ્રકારે સુરક્ષાની વ્યવસ્થા કરવી જરૂરી છે.

તમે જે રીતે એક વરસ સુધી અમારી સહાયતા કરી છે તે રીતે જ પેઈટીંગ - પત્રો - પોતાના રિઝલ્ટ અને ફોટા મોકલીને અમારી સહાયતા કરવાનો સિલસિલો ચાલુ જ રાખજો.

અને મોઅમેનીનથી ગુઝારિશ છે કે તેઓ પણ આ દીની કાર્ય આગળ વધારવામાં પોતાની પૂરેપૂરી સહાયતા ચાલુ રાખે.

અજરોકુમ ઈલલ્લાહ.

વસ્સલામ


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

**વાર્ષિક લવાજમ**

**રૂા. ૩૦૦/-**



# કુરઆનની જાણકારી

**પ્રશ્ન : કુરઆન મજીદની આયતો અંગે કઈ કઈ વિદ્યાઓની ચર્ચા થાય છે ?**

| વિદ્યાનું નામ | તેનું વિવરણ |
|---|---|
| **ઈલ્મે તફસીર :** | આ એ વિદ્યા છે જેમાં અલ્લાહના કલામ(વાણી)ના અર્થઘટન અને તે અંગેના હેતુઓ વિશે ચર્ચા અને સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. |
| **ઈલ્મે તજવીદ :** | આ એ વિદ્યા છે જેમાં અલ્લાહ તઆલાની કિતાબને સાચી રીતે વાંચવા અને તેના મુળાક્ષરોને ખરી રીતે ઉચ્ચારવાની જાણકારી આપવામાં આવે છે. |
| **ઈલ્મે કિરાઅત :** | આ એ વિદ્યા છે જેના વડે કુરઆનને નબી સ.અ.વ., તેમના પછી ઈમામ અલી અ.સ. અને અઈમ્મએ માઅસૂમીન અને અન્ય સહાબીઓ અને તેમના પછી "કુર્રા" લોકોના કુરઆનના વાંચનની રીતોની જાણકારી મળે છે. |
| **ઈલ્મે અસ્બાબે નુઝુલ :** | કુરઆનની આયતો કેવા સંજોગોમાં ક્યા કારણે – ક્યા પ્રસંગે અને કઈ પાશ્વાદ ભૂમિકામાં નાઝિલ થઈ છે તેની જાણકારી આપે છે તે વિદ્યા. |
| **ઈલ્મે આયાતે અહકામ :** | કુરઆન મજીદમાં જે આયતોમાં શરીઅતની આજ્ઞાઓ (ફુરૂએ દીન)નો ઉલ્લેખ છે તે આયતોની જાણકારી આપતી વિદ્યાને ઈલ્મે આયાતે અહકામ કહેવામાં આવે છે. કુરઆન મજીદમાં લગભગ ૫૦૦ આયતો એવી છે જેમાં શરીઅતની આજ્ઞાઓ વર્ણવવામાં આવી છે. |
| **ઈલ્મે તાવીલે કુરઆન :** | કુરઆન મજીદની કેટલીક આયતો એવી છે જેનો દેખીતો અર્થ કાંઈ જુદો જ હોય છે પરંતુ તેમાં કેટલાક રહસ્યો ગુપ્ત અને ગુઢ રીતે સમાયેલા હોય છે. કુરઆનની આયતોના આવા ગુઢ રહસ્યોની જાણકારી આપનાર વિદ્યાને "તાવીલે કુરઆન"ની વિદ્યા કહેવામાં આવે છે. |



E-mail : hadimasik@yahoo.com

## પ્રશ્ન : કુરઆને મજીદ સાચી રીતે વાંચવા (પઢવા)ની ખરી રીત-પદ્ધતિ નબી સ.અ.વ. પછી કોના થકી જાણી શકાય છે ?

**જવાબ :** કુરઆને મજીદને સાચી અને ખરી પદ્ધતિથી વાંચવા (પઢવા)નું જ્ઞાન એ લોકો પાસેથી જ પ્રાપ્ત થયું છે જેમણે કુરઆન પઢવું નબી સ.અ.વ. પાસેથી શીખ્યું હતું. ઈતિહાસમાં લખાએલું છે કે આપ સ.અ.વ. એ પોતાના મુબારક જીવનમાં જ પોતાના અહલેબૈત અ.સ. (ઈમામ અલી અ.સ. અને અન્ય માઅસૂમ અ.સ. હસ્તિઓ) ઉપરાંત કેટલાક સાથીઓ (અસહાબ)ને આ જ્ઞાન શીખવાડવાનો ખાસ પ્રબંધ કર્યો હતો. તે સહાબીઓ પછી તેમના શિષ્યોએ આ વિદ્યા તેમની પાસેથી શીખી જેમને તાબેઈન કહેવામાં આવે છે. અને આ "તાબેઈન" એ આ વિદ્યા પોતાના શિષ્યોને શીખવી જેમને "તબ એ તાબેઈન" કહેવામાં આવે છે તે પછી લગભગ સન ૫૦ હિજરીથી સન ૧૯૦ હિજરીના સમયગાળામાં કેટલાક લોકોને આ વિદ્યા પધ્ધતિસર રીતે શીખવાડીને તૈયાર કરવામાં આવ્યા તેમને "કુર્રા" (વધારે મોટા પ્રમાણમાં કુરઆન પઢનારાઓ) કહેવામાં આવે છે. અને કુરઆન પઢવાની આ વિદ્યા (ઈલ્મે કિરઅત)ને શીખવાડવા અને તેના પ્રસાર માટે આ લોકોને જુદા-જુદા શહેરોમાં નિયુક્ત કરવામાં આવ્યા. આમ નબી સ.અ.વ. એ શીખવાડેલ આ "ઈલ્મે કિરઅત" આવનારા વંશજો (નસ્લો) માં આ લોકો થકી જ પ્રચાર અને પ્રસાર પામ્યો.

## પ્રશ્ન : કુર્રા સદગૃહસ્થો કેટલા હતાં ? કોણ હતા? અને સૌથી શ્રેષ્ઠ "કિરઅત" કોની ગણવામાં આવે છે?

**જવાબ : પ્રખ્યાત છે કે એમની સંખ્યા સાત છે અને તેમના નામ આ પ્રમાણે છે.**

નાફેઅ મદની – ઈબ્ને કસીર મક્કી – અબુ ઉમરૂ બસરી – આસિમ કુફી – હમઝા કુફી – કિસાઈ કુફી અને ઈબ્ને આમિર દમિશ્કી. શીઆ કારી જનાબ આસિમ કુફીએ એક વાસ્તાથી (વચ્ચે એક અન્ય વ્યક્તિ હતા તે રીતે) ઈમામ અલી અ.સ.ના થકી કિરઅતની વિદ્યા મેળવી હતી અને આ કારણે જ આપની કિરઅત ખરી અને શ્રેષ્ઠ માનવામાં આવે છે. વિદ્વાનોએ એમના વિશે એવું મંતવ્ય વ્યક્ત કર્યું છે કે "જનાબ આસિમ કુફી સઘળા "કારીઓ"માં સૌથી વધારે પરહેઝગાર, સદચારિત્ર્યવાળા હતા. "કિરઅત"માં તેમનો અભિપ્રાય સૌથી વધારે સ્વીકારવાને પાત્ર હોય છે." આજના યુગમાં મોટા ભાગના શીઆ અને સુન્ની વિદ્વાનો આપની "કિરઅત" ને સ્વીકૃત માને છે અને તેમની પદ્ધતિ પ્રમાણે જ તેઓ બીજાને કુરઆનની "કિરઅત" (પઢવા) ની વિદ્યા શીખવાડે છે.

નોંધ – વહાલા બાળકો અને પ્રિય નવયુવક ભાઈઓ ! કુરઆનની જાણકારી મેળવવાની બાબતે આપના પ્રશ્નો અમને અવશ્ય મોકલો, અમે આપના નામ સાથે આપના પ્રશ્નને તેના જવાબ સાથે આગામી અંકમાં જરૂર પ્રસિધ્ધ કરીશું.



# બાળકોને વહાલ

એક દિવસ રસૂલે અકરમ સ.અ.વ. પોતાના બંને નવાસાઓ (દોહિત્રા-દીકરીના દીકરાઓ) હઝરતે હસ્નૈન અ.સ.ને વહાલ કરી રહ્યા હતાં ત્યારે એક વ્યક્તિએ આપની ટીકા કરતાં કહ્યું કે "મારા તો દશ દીકરાઓ છે તેમ છતાં હું તેમનામાંથી કોઈને પણ (આવી રીતે) વહાલ નથી કરતો." નબીયે અકરમ સ.અ.વ. આ સાંભળીને ખુબ જ ક્રોધિત થઈ ગયાં અને ફરમાવ્યું : " મન-લા યર્હુમો-લા-યુર્હુમ" અર્થાત : "જે બીજાઓ ઉપર દયાભાવ નથી રાખતો, ખુદા તેના પ્રત્યે પણ દયાભાવ નથી રાખતો."

હિફ્સ-બિન-ફર્રા કહે છે કે " હું તે સમયે ત્યાં જ હતો અને નબી સ.અ.વ. અને તે વ્યક્તિ વચ્ચેનો વાર્તાલાપ હું સાંભળતો હતો. તે વ્યક્તિની આ વાતથી પયગમ્બરે અકરમ સ.અ.વ. એટલા બધા ક્રોધિત થઈ ગયાં હતાં કે આપનું મુબારક મુખારવિંદ ક્રોધને કારણે લાલચોળ થઈ ગયું હતું." અને તે વ્યક્તિને આપ સ.અ.વ.એ ફરમાવ્યું : "ખુદાવન્દે આલમે પ્રેમભાવ અને વહાલની લાગણીને તારા હૃદયમાંથી કાઢી લીધી છે. જે વ્યક્તિ પોતાના બાળકો સાથે પ્રેમ-દયાભાવ ન રાખે અને પોતાના વડીલોનો આદર ન કરે તે અમારા પૈકીનો નથી."

(હિકાયત હાય શનીદની-બિહારના સંદર્ભ સાથે-ભાગ-૪૩ પા.૨૮૨)



# જગતના સ્તંભો

**રસૂલે અકરમ સ.અ.વ. અઈમ્મા અ.સ. કે જેઓ અલી અ.સ.ના વંશજો છે તેમની પ્રશંસા કરતા ફરમાવે છે કે : એ સઘળા મારા ખલીફા (ઉત્તરાધિકારીઓ) વારસદારો (અવસિયા) મારા વંશજો અને મારા સંતાનો - સ્વજનો છે તેમના થકી જ પરવરદિગારે આકાશને પૃથ્વી ઉપર પડવાથી રોકી રાખેલ છે અને તેમના થકી જ પૃથ્વી પોતાના ઉપર રહેનારાઓ સહિત પોતાના કેન્દ્રથી વિચલિત થઈ જવાથી રક્ષિત છે. (કમાલુદ્દીન - ૩/૨૫૮- એહતેજાજ - ભા-૧ પા. ૩૪/૧૬૮)**

**ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. : "અમો મુસલમાનોના ઈમામ અને બંને જગત માટે અલ્લાહની દલીલ (નિશાની) છીએ, મોઅમેનીનના અમો સરદાર છીએ, અને પ્રકાશિત કપાળવાળા (સૈનિકોના) સૈન્યના અમે સેનાપતિ છીએ. અમો મોઅમેનીનના મૌલા છીએ. જેવી રીતે તારાઓ આકાશવાસીઓમાં રક્ષણનું કારણ છે તેવી જ રીતે અમો જ પૃથ્વીવાસીઓના રક્ષણનું કારણ છીએ. (અમારા કારણે જ પૃથ્વીવાસીઓ રક્ષિત રહી શકે છે) અમો જ એ વ્યક્તિઓ છીએ જેમના થકી થઈને પરવરદિગાર આકાશને પૃથ્વી ઉપર પડવાથી અને પૃથ્વીને પૃથ્વીવાસીઓ સહિત તેના કેન્દ્રથી વિચલિત થઈ જવાથી અટકાવી રાખે છે. અમારા થકી જ રહેમતનો વરસાદ વરસે છે અને અમારા વસીલાથી જ અલ્લાહની રહેમત વહેંચાય છે અને પૃથ્વીની બરકતો બહાર આવે છે. જો પૃથ્વીની બરકતોનો અમો વસીલા ન હોત તો પૃથ્વીવાસીઓ આ પૃથ્વી સહિત અંદર ઉતરી ગયા હોત."**

**(અમાલીયે - સદૂક - ૧૫/૧૫૬ - કમાલુદ્દીન ૨૨-૨૦૭)**

**રસૂલે અકરમ સ.અ.વ. : તારાઓ આકાશવાસીઓ માટે રક્ષણનું કારણ છે કેમકે તે નાશ પામે તો આકાશવાસીઓનો પણ ખાત્મો બોલાઈ જાય તેવી જ રીતે મારા અહલેબૈત અ.સ. પૃથ્વી માટે રક્ષણનું કારણ છે, તેમનો સિલસિલો સમાપ્ત થઈ જાય તો સઘળા પૃથ્વીવાસીઓ નાશ પામશે (ફઝાઈલુસ્સહાબા- ઈબ્ને હંબલ-ભા.૨ પા. ૬૭૧ - હદીસ નં. ૧૧૪૫-અલફિરદૌસ પા.નં. ૩૧૧ હદીસ નં. ૬૯૧૩)**



# હઝરત ઈમામ રિઝા અ.સ.ની પરહેઝગારી અને આપની ઈશ્વર પરાયણતા

## આપ અ.સ.ની પરહેઝગારી (ઝોહદ)

ઈમામ અ.સ. એ પોતાના ખુશહાલી ભરેલા અને ઝાકઝમળકાવાળા જીવનમાં પોતાના અતિ મહાન પૂર્વજો જેવું જ વ્યક્તિત્વ પેશ કર્યું હતું.

મુહમ્મદ-બિન-ઈબાદ એ ઈમામ અ.સ.ની પરહેઝગારી અંગે રિવાયત કરી છે કે : ઈમામ અ.સ. ઉનાળામાં ચટાઈ ઉપર બેસતા હતા અને શિયાળામાં કંતાન ઉપર બેસતા હતા. આપ જાડું, સખ્ત અને ખરબચડું વસ્ત્ર પહેરતા હતા કે જ્યારે આપ અ.સ. લોકોને મળવા જતા તો પરસેવાથી રેબઝેબ થઈ જતા હતા.

## આપની ઈશ્વર પરાયણતા :

ઈમામ રિઝા અ.સ.ની ઈશ્વર પરાયણતાની વિશિષ્ઠતા સત્યના માર્ગે આપની દ્રઢતા હતી અને આપ હંમેશા અત્યાચારોની સામેના વિરોધમાં અગ્રેસર રહ્યા હતા તેથી જ તો આપ મામુન અબ્બાસી (તે સમયનો શાસક)ને પણ ઈશ્વરથી ડરીને રહેવાની શીખામણ આપતા હતા અને દીનની આજ્ઞાઓ- (શરીઅત) થી વિરૂધ્ધના તેના કાર્યો અંગે તેની સખ્ત ટીકા કરતા હતા જેને કારણે જ મામુન આપનો શત્રુ થઈ ગયો હતો અને આપની કત્લ કરાવી નાંખવાનો તેણે નિર્ણય લીધો હતો.



# હસો અને હસાવો

શિક્ષિકા : તમને કયો અવાજ સૌથી વધારે સારો લાગે છે ?
વિદ્યાર્થી : મેડમ ! નિશાળ છુટવાના ઘંટનો અવાજ !!

એક ચોરે અકરમના ખીસામાં હાથ નાખ્યો પરંતુ પકડાઈ ગયો.
અકરમ : ચોરી કરતાં તને શરમ નથી આવતી ?
ચોર : તને શરમ નથી આવતી કે ખીસામાં એક રૂપિયો પણ રાખતો નથી !!

પુત્ર : (પિતાને) આવતી કાલે હું નિશાળે નહીં જાઉં.
પિતા : કેમ દીકરા ?
પુત્ર : આજે નિશાળમાં અમારું વજન કરવામાં આવેલ છે.
પિતા : તો એમાં શું થઈ ગયું ?
પુત્ર : આજે વજન કરી લીધું છે અને કાલે વેચી દેશે તો !!!



એક વ્યક્તિએ પોલીસ સ્ટેશનમાં આવી ફરિયાદ કરી :
- હવાલદાર સાહેબ !
બસમાં કોઈએ મારું ખીસું કાપી નાખ્યું !
હવાલદાર : તો મારી પાસે કેમ આવ્યાં છો ?
- દરજી પાસે જાવ - તે સીવી આપશે.

# ખુદાવન્દે આલમ તો માં કરતાં પણ વધારે માયાળુ અને મહેરબાન છે

પયગમ્બરે અકરમ સ.અ.વ.ના જીવનકાળનો એક પ્રસંગ છે કે યુદ્ધમાં સ્વયં પયગમ્બરે અકરમ સ.અ.વ. પણ સામેલ થયાં હતા. તે વખતે વાતાવરણ ખુબ જ ગરમ હતું. બળબળતો તાપ પડી રહ્યો હતો. તેવામાં એક બાળક પોતાના ઘરમાંથી બહાર આવ્યો અને બળબળતા તાપમાં રડતાં રડતાં ચાલવા લાગ્યો અને પોતાની માને શોધવા લાગ્યો. તેની માં યુદ્ધમાં સામેલ સૈનિકોની સહાયતા માટે યુધ્ધના મેદાન પાસે ગયેલી હતી. એકાએક તેને પોતાના બાળકનો વિચાર આવ્યો. તો તે પણ પોતાના બાળકને જોવા પાછી ફરી, તે થોડે જ દૂર ગઈ હશે ત્યાં તો તેની દ્રષ્ટિ પોતાના ત્રસ્ત બાળક ઉપર પડી. તે તરત જ દોડી ગઈ અને બાળકને તેડી લીધો અને ગરમ બળબળતી રેતી ઉપર જ સુઈ ગઈ અને પોતાના બાળકને બળબળતા તાપ અને બળતી રેતીની ગરમીથી બચાવવા માટે પોતાની છાતી સરસો ચાંપી લીધો અને રડતાં રડતાં કહેવા લાગી – હાય મારો બાળક – હાય મારો બાળક.

આ દ્રશ્ય એટલું તો હ્દયદ્રાવક હતું કે તમામ જોનારા લોકો પણ રડવા લાગ્યા. નબીએ અકરમ સ.અ.વ. પણ ત્યાં પહોંચી ગયા અને ફરમાવ્યું: તમે પોતાના બાળક પ્રત્યેના તેની માંના પ્રેમથી આશ્ચર્ય પામ્યા છો ને ? લોકોએ કહ્યું "હા હે – અલ્લાહના નબી સ.અ.વ." આ સાંભળીને આપે ફરમાવ્યું : "તો જાણી લો કે આ માતા પોતાના બાળક ઉપર જેટલી મહેરબાન–દયાળુ છે. ખુદાવન્દે આલમ તમો લોકો ઉપર આ માં કરતા પણ વધારે મહેરબાન અને દયાળુ છે." નબી સ.અ.વ.ની આ વાત સાંભળીને મુસલમાનો ખુશ–ખુશાલ થઈ ગયા અને પોત–પોતાના કામે વળગી ગયા."





E-mail : hadimasik@yahoo.com




# બધી ભાષાઓના જાણકાર - વિદ્વાન

અબુ સલત બરવીથી રવિાયત છે કે ઈમામ રિઝા અ.સ. લોકોની સાથે તેમની ભાષામાં જ વાતો કરતાં હતાં. મેં ઈમામ અ.સ.ને આ બાબતમાં પુછ્યું તો આપ અ.સ.એ ફરમાવ્યું : હે અબુ સલત ! હું લોકો (મખલૂક-સમગ્ર સૃષ્ટિ) ઉપર અલ્લાહની હુજજત (નિશાની-દલીલ) છું અને અલ્લાહ કોઈપણ જાતિ ઉપર એવી વ્યક્તિને હુજ્જત બનાવીને નથી મોકલતો કે જે તેમની ભાષાનો જાણકાર ન હોય.

આ પ્રકારની જ એક રિવાયત અબુ ઈસ્માઈલ સિન્ધીથી પણ છે. તેમણે કહ્યું છે કે મેં હિન્દુસ્તાનમાં એવું સાંભળ્યું હતું કે અરબ દેશમાં અલ્લાહની એક હુજજત (નિશાની-દલીલ) છે. તેથી તેમને શોધવા નીકળી પડયો. લોકોએ મને કહ્યું કે તે ઈમામ રિઝા અ.સ. છે. હું તેમની સેવામાં પહોંચ્યો અને સિન્ધી ભાષામાં આપને સલામ કરી. ઈમામ અ.સ.એ પણ સિન્ધી ભાષામાં જ સલામ નો જવાબ આપ્યો. મે આપની પુણ્યશાળી સેવામાં અરજ ગુજારી કે મેં સાંભળ્યું છે કે અરબ દેશમાં અલ્લાહની એક હુજજત છે અને હું તે હુજજતને શોધવા માટે નિકળ્યો છું. ત્યારે ઈમામ અ.સ.એ ફરમાવ્યું : હું જ અલ્લાહની હુજજત છું. તે પછી ફરમાવ્યું : તમે જે કાંઈ પુછવા માંગતા હોય તે પુછો. મેં આપ અ.સ.ને અનેક પ્રશ્નો પુછયાં અને આપે મારા તે બધાં પ્રશ્નોના મારી ભાષામાં જ જવાબો આપ્યાં હતાં.




# સાચી હજ

(આ લેખ હજની તૈયારી માટે ઉપયોગી છે તેથી આ અંકમાં રજુ કરવામાં આવ્યો છે)

સૈયદ નેઅમતુલ્લાહ જઝાઈરીના પૌત્ર સૈયદ અબ્દુલ્લાહે "શરહે નખબહ" માં ફરમાવ્યું છે કે "મેં અનેક હસ્તપ્રતો (પુસ્તકો)માં આ હદીસ જોઈ છે કે જ્યારે હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. હજથી મુશર્રફ થઈને પરત આવ્યા ત્યારે "શિબ્લી"નામનો એક વ્યક્તિ આપને સત્કારવા આવ્યો.

## "મીકાત"

ઈમામ અ.સ. એ શિબ્લીને પુછયું "હે શિબ્લી ! તમે હજ કરી ? તેણે અરજ ગુજારી "હા-ફરઝન્દે રસૂલ સ.અ.વ."

ઈમામ અ.સ. : શું તમો "મીકાત"માં રોકાયા હતા અને સીવેલા વસ્ત્રો ઉતારી ગુસ્લ કર્યું હતું ?



શિબ્લી : હા

ઈમામ અ.સ. : તમે મીકાતમાં રોકાયા હતા ત્યારે તમે ગુનાહોના વસ્ત્રોને ઉતારીને "ઈતાઅત" (ખુદાની આજ્ઞાઓના પાલન)ના વસ્ત્રો પહેરવાની નિય્યત કરી હતી ?



E-mail : hadimasik@yahoo.com



શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે સીવેલા વસ્ત્રો ઉતાર્યા ત્યારે પાખંડ-વેરભાવ અને શંકા કુશંકાઓમાં પડવાથી બચવા માટેની નિય્યત કરી હતી ?

શિબલી : ના

ઈમામ અ.સ. : જ્યારે તમે ગુસ્લ કર્યુ ત્યારે ભૂલો અને ગુનાહોથી પાક થવાની નિય્યત કરી હતી ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો પછી ન તો તમે મીકાતમાં રોકાયાં છો - ન તો તમે સીવેલા વસ્ત્રો ઉતાર્યા કે ન તો તમે ગુસ્લ કર્યું.

## "અહરામ"

ઈમામ અ.સ. : શું તમે પાક-સાફ થઈને "અહરામ" ધારણ કર્યું હતું અને હજનો ઈરાદો કર્યો હતો ?

શિબ્લી : હા

ઈમામ અ.સ. : જ્યારે તમે પાક-સાફ થયા - અહરામ ધારણ કર્યું અને હજનો ઈરાદો કર્યો ત્યારે તે માટે "તૌબા"ના નૂર વડે પાક-સાફ થવાની નિય્યત કરી હતી ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે અહરામ ધારણ કર્યું ત્યારે અલ્લાહે હરામ કરેલી દરેક વસ્તુને પોતાના માટે હરામ કરવાની નિય્યત કરી હતી ?

શિબ્લી : ના



ઈમામ અ.સ. : જ્યારે હજનો ઈરાદો કર્યો ત્યારે ખુદા સિવાયની અન્ય તમામ ગાંઠોને ખોલી દેવાની નિય્યત કરી હતી ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો પછી ન તો તમે પાક-સાફ થયા - ન તો તમે અહરામ ધારણ કર્યું કે ન તો તમે હજનો ઈરાદો કર્યો.

E-mail : hadimasik@yahoo.com

## "તલબીયહ"



ઈમામ અ.સ. : શું તમે મીકાતમાં પ્રવેશ કરીને બે રકઅત નમાઝે અહરામ અદા કરી હતી ? અને તલબીયહ પોકાર્યો હતો ?

શિબ્લી : હા

ઈમામ અ.સ. : તમે "મીકાત"માં પ્રવેશ્યા ત્યારે તમે ઝિયારત પઢી હતી ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે બે રકઅત નમાઝ અદા કરી ત્યારે સર્વશ્રેષ્ઠ કાર્ય (અમલ) અને બંદાઓની સૌથી મોટી નેકી - નમાઝ થકી અલ્લાહનું સાનિધ્ય (કુરબત) પ્રાપ્ત કરવાની નિય્યત કરી હતી ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે તમે "લબ્બૈક" પોકાર્યું હતું ત્યારે એ વાતની નિય્યત કરી હતી કે ફક્ત ખુદાની ઈતાઅત (આજ્ઞાપાલન)માં જ બોલશો અને દરેક ગુનાહથી જીભ (વાણી)ને રોકી રાખશો ?

શિબ્લી : ના



ઈમામ અ.સ. : તો જાણે તમે ન તો મીકાતમાં પ્રવેશ કર્યો કે ન તો નમાઝ અદા કરી કે ન તો લબ્બૈક પોકાર્યું.

## "મસ્જિદુલ-હરામ અને ઝિયારતે ખાનએ કાઅબા"

ઈમામ અ.સ. : શું તમે હરમ શરીફમાં દાખલ થયાં ત્યારે તમે કાઅબાની ઝિયારત કરી હતી અને નમાઝ અદા કરી હતી ?

શિબ્લી : હા

ઈમામ અ.સ. : તમે જ્યારે હરમ શરીફમાં પ્રવેશ્યા ત્યારે સમગ્ર મુસલમાન કોમ(મિલ્લતે ઈસ્લામીયાહ)ના મુસલમાનોની ચાડી-ચુગલીને પોતાના ઉપર હરામ



E-mail : hadimasik@yahoo.com

કરવાની નિય્યત કરી હતી ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તમે મક્કા પહોંચ્યા ત્યારે એવી નિય્યત કરી હતી કે તમારો હેતુ ફક્ત અલ્લાહ છે ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો પછી ન તો તમે હરમ શરીફમાં પ્રવેશ્યા કે ન તો તમે ખાનએ કાઅબાની ઝિયારત કરી અને ન તો તમે નમાઝ પઢી.





## "તવાફ-સઅય"

ઈમામ અ.સ. : શું તમે ખાનએ કાઅબાનો તવાફ (પ્રદક્ષિણા) કર્યો હતો ?





અરકાને કાઅબાને સ્પર્શ કર્યો હતો અને સઅય કરી હતી ?

શિબ્લી : હા

ઈમામ અ.સ. : જ્યારે "સઅય" કરી ત્યારે અલ્લાહની બારગાહમાં ભાગીને (જઈને) રક્ષણ મેળવવાની નિય્યત કરી હતી અને તેનાથી ગૈબની વાતોનો જાણકાર (અલ્લામુલ ગુયુબ) ખુદા વાકેફ થયો હતો ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો પછી ન તો તમે "ખાનએ કાઅબા" નો તવાફ કર્યો, ન તો અરકાને કાઅબાનો સ્પર્શ કર્યો કે ન તો "સઅય" કરી.

## "હજરે અસવદ - મકામે ઈબ્રાહીમ"

ઈમામ અ.સ. : શું તમે "હજરે અસવદ" ને સ્પર્શ કર્યો હતો ? અને"મકામે ઈબ્રાહીમ" પાસે રોકાયા હતા ?



શિબ્લી : હા

ઈમામ અ.સ. : આહ-આહ (એક એવી રીતે ચીંખ મારી કે જાણે અત્યારે જ આ જગત છોડીને ચાલ્યા જશે) જેણે હજરે અસવદને સ્પર્શ કર્યો તો જાણે તેણે ખુદા સાથે હાથ મિલાવ્યો. હે દરિદ્ર વ્યક્તિ યાદ રાખજો, આ બાબતની મહાનતા અત્યંત ઉચ્ચ દરજ્જાની છે. તેના અજને બરબાદ ન કરી દેતો અને ગુનેગારોની જેમ હરામ કાર્યો કરીને તથા આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને આ "બયઅત" ના વાયદાને તોડી નાંખતો નહી.

ઈમામ અ.સ. : શું મકામે ઈબ્રાહીમ અ.સ. ઉપર રોકાણ વખતે ખુદાની દરેક આજ્ઞાનું પાલન કરવાની નિય્યત કરી હતી ? અને દરેક ગુનાહનો વિરોધ કરવાની (દરેક ગુનાહથી બચવાની) નિય્યત કરી હતી ?



શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે ત્યાં બે રકઅત નમાઝ પઢી ત્યારે હઝરત ઈબ્રાહીમ અ.સ. ની જેમ નમાઝ પઢવાની અને પોતાની આ નમાઝ વડે શયતાનને બેઆબરૂ કરવાની નિય્યત કરી હતી ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો જાણે ન તો તમે "હજરે અસવદ"નો સ્પર્શ કર્યો, ન તો "મકામે ઈબ્રાહીમ અ.સ." ઉપર રોકાણ કર્યું કે ન તો ત્યાં બે રકઅત નમાઝ પઢી.

## "ચાહે ઝમઝમ"

ઈમામ અ.સ. : શું તમે ચાહે ઝમઝમ (ઝમઝમના કુવા) ઉપર ગયા હતા ? અને આબે ઝમઝમ (ઝમઝમનું પાણી) પીધું હતું ?

શિબ્લી : હા



E-mail : hadimasik@yahoo.com

ઈમામ અ.સ. : શું તમે તે વખતે એવી નિય્યત કરી હતી કે અલ્લાહની આજ્ઞાના પાલન માટે "ઝમઝમના ઝરણાં" ઉપર આવ્યો છું અને ગુનાહો પ્રત્યેથી મેં મારી દ્રષ્ટિ ફેરવી લીધી છે ?



શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો પછી ન તો તમે "ઝમઝમના કુવા" ઉપર ગયા કે ન તો તમે "ઝમઝમ"નું પાણી પીધું.

## "મિના"

ઈમામ અ.સ. : શું તમે "મકામે મિના" ઉપર ગયા હતા ?

શિબ્લી : હા

ઈમામ અ.સ. : શું તમે તે વખતે એવી નિય્યત કરી હતી કે લોકોને પોતાના મન (વિચારો) વાણી અને હાથથી કોઈ રીતે ઈજા નહી પહોંચાડો ? (સુરક્ષિત રાખશો)



શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો પછી જાણે તમે "મિના" ગયાં જ નથી.

## "સફા અને મરવાહ"

ઈમામ અ.સ. : શું તમે "સફા અને મરવાહ" વચ્ચે "સઅય" કરી હતી ? અને બંનેની વચ્ચેથી ચાલીને પસાર થયા હતા ?



શિબ્લી : હા

ઈમામ અ.સ.: શું તમે તે વખતે એવી નિય્યત કરી હતી કે તમે "આશા અને ભય" વચ્ચે ઘેરાયેલા છો?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો પછી ન તો તમે "સઅય" કરી છે કે ન તો તમે "સફા અને મરવાહ"ની વચ્ચેથી ચાલીને પસાર થયા છો.

## “અરફાત”

ઈમામ અ.સ. : શું તમે “અરફાત” ના મેદાનમાં રોકાણ કર્યું હતું ? શું તમે અરફાતમાં “જબલે રેહમત” (રેહમતના પર્વત) ઉપર ચઢ્યા હતા ? શું “વાદીયે નમરાહ” ને ઓળખી હતી અને શું નમરાતની પાસે ખુદાને પોકાર્યો હતો ?

શિબ્લી : હા



ઈમામ અ.સ. : શું અરફાતમાં રોકાઈને તમે અલ્લાહ વિશે એવો યકીન કર્યો હતો કે તે તમામ વિદ્યાઓ અને જ્ઞાનનો જાણકાર છે, તે તમારા કાર્યોને જોઈ રહ્યો છે અને તમારા અંતરમાં આવતા તમામ વિચારોથી તે વાકેફ છે?

શિબ્લી : ના



ઈમામ અ.સ. : જબલે રેહમત ઉપર ચઢ્યા ત્યારે શું તમે એવું વિચાર્યું હતું કે અલ્લાહ તઆલા તમામ મોમિનીન અને મોમેનાત ઉપર રહેમત વરસાવે છે અને તે તમામ મુસલમાન સ્ત્રી-પુરૂષોનું ભરણપોષણ કરનાર અને દેખરેખ રાખનાર છે ?

શિબ્લી : ના



ઈમામ અ.સ. : શું “વાદીએ નમરાહ” પાસે એવો નિશ્ચય કર્યો હતો કે તમે પોતે જે કાર્યને કરી ન લો ત્યાં સુધી તે કાર્ય કરવાની બીજા કોઈને આજ્ઞા નહી કરો અને જ્યાં સુધી પોતે જે કાર્ય કરવાથી પોતાની જાતને અટકાવશો નહીં ત્યાં સુધી તે ન કરવા અંગે બીજાને શિખામણ પણ નહી આપો ? (બીજાને અટકાવશો નહી)

શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે તમે “મકામે અલમ” અને નમરાત પાસે રોકાયા હતા ત્યારે તમે એવો વિચાર કર્યો હતો કે “નમરાત” તમારી “આજ્ઞાપાલન” ના સાક્ષી છે ? અને ખુદાના હુકમથી (અન્ય) દેખરેખ રાખનારાઓ સાથે (તે પણ) તમારી સારસંભાળ લઈ રહ્યા છે ?



E-mail : hadimasik@yahoo.com

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો ન તો તમે "અરફાતના મેદાન"માં રોકાયા હતા અને ન તો તમે "નમરાહ"ને ઓળખ્યો છે કે ન તો તેની પાસે રોકાયા છો અને ન તો તમે દુઆ માંગી છે.

## "મુઝદલફા અને મશઅરૂલ હરામ"

ઈમામ અ.સ. : શું તમે "મુઝદલફા" અને "મશઅરૂલ હરામ" આ બંને નિશાનીઓ વચ્ચેથી પસાર થયા હતા અને ત્યાંથી પસાર થતાં પહેલા બે રકઅત નમાઝ પઢી હતી ? "મુઝદલફા" ગયા હતા ? કાંકરીઓ વીણી હતી અને "મશઅરૂલ હરામ"માંથી પસાર થયા હતા ?



શિબ્લી : હા

ઈમામ અ.સ. : જ્યારે તમે બે રકઅત નમાઝ પઢી હતી ત્યારે એવી નિય્યત કરી હતી કે દસમી રાત્રી (શબે દહુમ)ની એ નમાઝ-નમાઝે શુક્ર છે જે તમારી દરેક મુશ્કેલીને દુર કરે છે અને દરેક સગવડતાઓ આપે છે?

શિબ્લી : ના



ઈમામ અ.સ. : જ્યારે તમે બંને નિશાનીઓ વચ્ચેથી પસાર થયા હતા ત્યારે ડાબે જમણે નજર દોડાવીને મન-જીભ (વાણી) અને શરીરના અંગોને "દીને હક"ના માર્ગેથી ડાબે જમણે ફંટાઈ ન જવાની નિય્યત કરી હતી ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે તમે "મુઝદલફા" ગયા અને ત્યાં કાંકરીઓ વીણી ત્યારે એવી નિય્યત કરી હતી કે તમે દરેક પ્રકારના ગુનાહ અને અજ્ઞાનતાનો ત્યાગ કરશો અને તમામ"ઈલ્મ" અને અમલ (કાર્યો-સદકાર્યો) ઉપર કાયમ રહેશો ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : તો પછી ન તો તમે બંને નિશાનીઓ વચ્ચેથી પસાર થયા છો - ન તો તમે બે રકઅત નમાઝ પઢી છે. ન તો તમે "મુઝદલફા" ગયાં હતા, ન તો તમે કાંકરીઓ એકત્ર કરી હતી અને ન તો તમે "મશઅરૂલ-હરામ" માંથી પસાર થયા હતા.

## “રમીયે જમરાત અને આઅમાલે મિના”

ઈમામ અ.સ. : શું તમે “મિના” ગયા હતા ત્યાં “રમીયે જમરાત” (શયતાનને કાંકરીઓ મારવાની વિધિ) કરી હતી ? શું માથું મુંડાવ્યું હતું ? શું કુરબાનીના જાનવરને ઝિબ્હ કર્યો હતો ? શું મસ્જિદે ખીફમાં નમાઝ પઢી હતી ? શું મક્કા પરત આવ્યા હતા ? શું રવાનગીનો તવાફ કર્યો હતો ?

શિબ્લી : હા

ઈમામ અ.સ. : શું “મિના” પહોંચ્યા પછી તમારા મનમાં એવો વિચાર આવ્યો હતો કે તમને તમારી મુરાદ (ઈચ્છિત વસ્તુ) મળી ગઈ છે ? અને તમારા પરવરદિગારે તમારી તમામ હાજતો પુરી કરી દીધી છે ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : શું “રમીયે જમરાત” (શયતાનને કાંકરીયો મારવાની વિધી) વખતે તમે એવી નિય્યત કરી હતી કે તમે પોતાના શત્રુ શયતાન (ઈબ્લીસ)ને કાંકરીઓ મારી રહ્યા છો ? અને હજના પોતાના તમામ આઅમાલ સંપૂર્ણતા સાથે બજાવી લાવીને શયતાનને ક્રોધિત કર્યો હતો ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે તમે મુંડન કરાવ્યું હતું ત્યારે સઘળી ગંદકીઓ અને મનુષ્ય જાતિમાં હોય છે તે સઘળી અપવિત્રતાઓથી સંપૂર્ણપણે પવિત્ર થવાની અને જાણે માંને કુખે જન્મેલા બાળકની જેમ પોતાના સઘળા ગુનાહોમાંથી મુક્ત થવાની નિય્યત કરી હતી ?







E-mail : hadimasik@yahoo.com






શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે તમે "મસ્જિદે ખીફ"માં નમાઝ પઢી ત્યારે તમારા મનમાં એવો વિચાર આવ્યો હતો કે તમો ફક્ત પોતાના ગુનાહો અને અલ્લાહ સિવાય બીજા કોઈની બીક રાખશો નહી અને અલ્લાહની દયા-કૃપા (રહેમત) સિવાય બીજી કોઈ પણ વસ્તુની તમે આશા નહીં રાખો ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : જ્યારે તમે કુરબાનીના જાનવરને હલાલ કરી રહ્યા હતા ત્યારે તમે શું એવી નિય્યત કરી હતી કે તમે લાલચની ગરદનને "તકવા અને પરહેઝગારી" ની છરી વડે કાપી રહ્યા છો ? અને સુન્નતે ઈબ્રાહીમ અ.સ. નું તમે અનુકરણ કરી રહ્યા છો ? અને તમે હઝરત ઈબ્રાહીમ અ.સ. ની એ સુન્નતને સજીવ કરી રહ્યા છો જે તેમણે પોતાના પછી આવનારાઓ માટે સ્થાપી હતી અને પોતાના સુપુત્રની કુરબાનીને પોતાના પછી આવનાર વંશો (લોકો) માટે "અલ્લાહના સામિપ્ય" (તકર્રુબે ઈલાહી)નો વસીલો બનાવ્યો હતો ?

શિબ્લી : ના

ઈમામ અ.સ. : શું તમે જ્યારે મક્કા પરત આવ્યા અને "અલવિદાઈ તવાફ" કર્યો હતો ત્યારે એવી નિય્યત કરી હતી કે તમે ખુદાની રેહમત પ્રાપ્ત કરી છે અને તેની આજ્ઞાંકિતતા (ઈતાઅત) તરફ તમે પાછા ફર્યા છો અને તમે તેના પ્રેમ અને મહોબ્બત સાથે ભળી ગયા છો અને તેના તમામ કર્તવ્યો તમે નિભાવ્યા છે ? અને તેવી રીતે તમે "અલ્લાહનું સામિપ્ય" (તકર્રુબે-ઈલાહી) પ્રાપ્ત કરી લીધું છે ?

શિબ્લી : ના



ઈમામ અ.સ. : તો પછી તમે "મિના" માં ગયા જ નથી અને ન તો તમે રમીયે જમરાત કર્યુ છે કે ન તો માથું મુંડાવ્યું છે કે ન તો તમે દરેક વિધી (માનસિક) સંપૂર્ણતાથી કરી છે - ન તો તમે "મસ્જિદે ખીફ"માં નમાઝ અદા કરી છે ન તો તમે "અલવિદાઈ તવાફ" કર્યો છે કે ન તો તમે "અલ્લાહનું સામિપ્ય" પ્રાપ્ત કર્યુ છે.

જાવ - પાછા જાવ - તમોએ તો હજ કરી જ નથી.

આ સાંભળીને શિબ્લીએ રડવાનું શરૂ કરી દીધું કે તેમણે તો હજની સઘળી વિધીઓમાં કચાશ-જ-કચાશ રાખી છે. પછી તેમણે ઈમામે બતાવેલી સઘળી વાતો-વિધીઓ-ક્રિયાઓ શીખવાનું શરૂ કર્યુ અને તેમાં પારંગત થઈને તે પછીના વરસે સંપૂર્ણ જાણકારી અને યકીનની સાથે હજ અદા કરી.

(મુસ્તદરકુલ-વસાઈલ-ભા.૧૦- પા. ૧૬૬, હદીસ નં. ૧૧૭૭૦)



# ઈમામ રિઝા અ.સ.ની દાનવૃત્તિની શાન



આપ અ.સ.ની દાનવીરતાનો એક પ્રખ્યાત પ્રસંગ એ છે કે એક વ્યક્તિ આપ અ.સ.ની પુણ્યશાળી સેવામાં હાજર થયો અને અરજ કરી કે "હું આપનો અને આપના બાપ-દાદા (વડીલો) નો ચાહવાવાળો છું. હું હજ કરીને પરત ફરી રહ્યો છું અને મારી પાસે ખાવા પુરતું પણ કાંઈ બચ્યું નથી અને જેટલા પણ પૈસા મારી પાસે છે તેનાથી કાંઈ થવાનું નથી. (તદ્દન નજીવી રકમ મારી પાસે છે) જો આપ અ.સ. મદદ ફરમાવો તો મારા વતન (શહેર)માં પાછો ફરી જાઉં. જ્યારે પણ મારી પાસે તેટલી રકમ આવી જશે ત્યારે હું તે રકમ આપના તરફથી સદકો કરી દઈશ" આપે તેને બેસવા કહ્યું અને આપ લોકો સાથે વાતો કરવા લાગ્યા. જ્યારે તે બધા ચાલ્યા ગયા અને ફક્ત સુલેમાન જાઅફરી અને એક સેવક રહી ગયા ત્યારે ઈમામ અ.સ. તેમની રજા લઈને ઘરે તશરીફ લઈ ગયા અને તે પછી ઉપરના બારણાથી બહાર આવીને કહ્યું : "તે ખુરાસાની ક્યાં છે ?" જ્યારે તે ઉભો થયો તો ઈમામ અ.સ. એ તેને બસ્સો દીનાર આપ્યા અને કહ્યું "આ તારી ખાધાખોરાકી અને પ્રવાસના ખર્ચ માટે છે અને આને તું મારા તરફથી સદકો ન આપતો" તે વ્યક્તિ તો ઈમામ અ.સ. એ આપેલ ભેટથી માલામાલ થઈને ખુશ થઈને ચાલ્યો ગયો. સુલેમાને ઈમામ અ.સ.ની સેવામાં અરજ કરી કે "મારા પ્રાણ આપના ઉપર ન્યોછાવર થાય આપે તેના ઉપર દયા દાખવી ત્યારે આપે પોતાનું મુબારક મુખારવિંદ કેમ સંતાડી દીધું હતું ?"

ઈમામ અ.સ. એ ફરમાવ્યું "મેં આવું એટલા માટે કર્યું કે હું તેના ચહેરા ઉપર અપમાન અને લજ્જિત થવાના ભાવ જોવા નહોતો માંગતો. શું તમે રસૂલે ખુદા સ.અ.વ. નો એ ફરમાન નથી સાંભળ્યો કે "ગુપ્ત રીતે કરવામાં આવેલી નેકી સિત્તેર હજ જેટલી પુણ્ય આપનારી હોય છે અને જાહેર રીતે પાપ (બુરાઈ) કરનાર અલ્લાહના માર્ગેથી વિચલિત થઈ ગયેલો હોય છે."



# નન્હે રોજેદાર



નરઝીસ ફાતેમા
જુહાપુરા. (૨૯ રોજા)



કાઝીમ અબ્બાસ ભોજાણી
રાજુલા. (રોજા - ૨૯)



મો.અબ્બાસ સલીમઅલી રપાણી
રાજુલા. (રોજા - ૨૯)



ગાઝી અબ્બાસ જામાણી
રાજુલા. (રોજા - ૧૦)



હસનઅલી ફારૂક ભોજાણી
રાજુલા. (રોજા - ૧૭)



મહેદી હસન ઠક્કર
રાજુલા. (રોજા - ૩)



મો.અબ્બાસ એ. રાજાણી
રાજુલા. (રોજા - ૨૫)



ડી.એન અલી અમીરી
રાજુલા. (રોજા - ૧૦)



અબ્બાસઅલી માવાણી
રાજુલા. (રોજા - ૨૨)



તુફૈલ અબ્બાસ જાફરી
રાજુલા. (રોજા -૨૯)



મો.લગના અફઝલઅલી
રાજુલા. (રોજા - ૫)



અબ્બાસ બી. રાજાણી
રાજુલા. (રોજા - ૨૯)



ફાતેમા રફીકઅલી હરિયાણી
પાલીતાણા (રોજા - ૫)



સકીના કાજીમ રઝા હરિયાણી
પાલીતાણા (રોજા - ૫)



મહંમદ કોનૈન અમીરઅલી
પાલીતાણા (રોજા - ૧૧)



ગાઝી અબ્બાસ આમીરઅલી
પાલીતાણા (રોજા - ૬)



E-mail : hadimasik@yahoo.com



**શાહનવાઝ શાહીદભાઈ મુની**
રાજુલા. (રોજા - ૨૩)



**મુસ્કાનફાતેમા સલીમઅલી રાજાણી**
રાજુલા. (રોજા - ૨૯)



**તોસીફરઝા એ. લાખાણી**
રાજુલા. (રોજા - ૧૭)



**નઈમ મેહદી રવજાણી**
રાજુલા. (રોજા -)



**જોનઅલી અલીરઝા રૂપાણી**
રાજુલા. (રોજા - ૧)



**ફુઝેલ મુનીરઅબ્બાસ રવજાણી**
રાજુલા. (રોજા-)



**મો. સાદીક લાખાણી**
રાજુલા. (રોજા-)



**તમન્ના જામાણી**
રાજુલા. (રોજા-)



**મો.મેહદી હસનઅલી વસાયા**
પાલીતાણા. (રોજા - ૩)



**મોહદેસા મો.રઝા સવજીયાણી**
તા.રાણપુર (રોજા - ૧)



**અલી નવાઝ મો.રઝા સવજીયાણી**
તા.રાણપુર (રોજા - ૫)



**અલીશાહ મો.રઝા સવજીયાણી**
તા.રાણપુર (રોજા - ૨૯)



**પારણીયા મહમ્મદ તકી અલીરઝાભાઈ**
વ્હોરા મસ્જીદ સામે. (રોજા - ૯)



**મહમ્મદ અબ્બાસ લાખાણી**
રાજુલા. (રોજા - ૨૫)



**અલીરઝા આબીદઅલી રવાણી**
રાજુલા. (રોજા - ૧૫)



# પિતાની દુઆ

અલ્લામા મજલિસીના મહાન પિતા મર્હુમ મુહમ્મદ તકી મજલિસી ફરમાવે છે કે એક રાત્રિએ હું ''નમાઝે શબ'' પૂરી કરી ચુક્યો તે પછી હું એવું વિચારવા લાગ્યો કે હું ખુદા પાસે કઈ બાબતની યાચના કરૂં ? તે સમયે મારા અંતરમાં એવી લાગણી ઉભરી આવી હતી કે ખુદા મારી દુઆ કુબુલ કરી (સ્વીકારી) લે છે અને આજે પણ તે આ સમયે મારી દુઆને રદ નહીં કરે. હુ આ અંગે વિચારતો જ હતો કે જગતની અને આખેરતની બાબતોમાંથી કઈ બાબતની યાચના કરૂ, ત્યાં અચાનક મારા પુત્ર (મુહમ્મદ બાકિર)નો અવાજ ઘોડિયામાંથી સંભળાયો (કદાચ બાળક રડ્યો હશે) મેં તરત જ ખુદા પાસે દુઆ માંગી અને કહ્યું કે ''હે ખુદા। મુહમ્મદ સ.અ.વ. અને આલે મુહમ્મદ સ.અ.વ.ના સદકામાં મારા આ બાળકને તારા દીનનો પ્રચાર કરનાર અને તારી આજ્ઞાઓનો પ્રસાર કરનાર બનાવી દે અને પોતાની અથાગ કૃપાઓથી તેને કૃપાવંત ફરમાવ.

માનનીય માતા-પિતાઓની અવલાદ અંગેની માં-બાપની દુઆ ખુદાવન્દે આલમ રદ નથી કરતો તેથી પોતાના સંતાનોની દીન અને દુન્યાની સફળતા માટે ખુબ જ વધારે દુઆઓ કરવી જોઈએ. અલ્લામા મજલિસીના પિતાના ઉપરોક્ત પ્રસંગ ઉપરથી આપ જાણી જ ગયા છો, જેમાં તેમણે પોતાના બાળક માટે જે દુઆ કરી હતી તે ખુદાવન્દે આલમે કુબુલ રાખી હતી, તેવું જાહેર થાય છે અને તેથી જ તેમનો બાળક મોટો થઈને અલ્લામા મજલિસીના નામે પ્રખ્યાત થયો. અલ્લામા મજલિસી આપણા શીઆઓના એક ખુબ જ મહાન વિદ્વાન છે. તેમણે ઈસ્લામની અને ખાસ કરીને આપણી શીઆ વિચારસરણીની ઘણી સેવા કરી છે અને કેટલાયે મોટા મોટા દળદાર પુસ્તકો લખ્યા છે. તેમની કૃતિઓમાંથી એક કૃતિ ''બિહારૂલ અનવાર'' છે જે આજે ૧૧૦ ભાગોમાં ઉપલબ્ધ છે.

(લતાયેફુલ અબરાર - પા. ૪૦)



# આર્ટ ગેલેરી

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં કુરઆનનો સૂરો (સૂરઃ અલ-કાફિરૂન)ને (ગયા અંકથી ચાલુ )ચિત્ર દ્વારા દર્શાવવામાં આવેલ છે, હવે તમે તેની અંદર સુંદર મજાના મનગમતા રંગ પૂરો, જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.

وَلَآ أَنتُمۡ عَٰبِدُونَ مَآ أَعۡبُدُ ٥

અને ન તમે તેની બંદગી કરવાના છો જેની બંદગી હું કરૂં છું.



لَكُمۡ دِينُكُمۡ وَلِيَ دِينِ ٦

તમારા માટે તમારો દીન (ધર્મ) છે અને મારા માટે મારો દીન (ધર્મ).



# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



દેવજાણી સાબીર રફીકઅલી (નાગલુપર, જી. કચ્છ.)



રબાબ રઈસઅલી મોમીન (તાજપુર મોમીનવાડ,જમાલપુર.)



સકીના આરીફહુસૈન નાયાણી (પાલીતાણા.)



જામાણી મિસમરઝા મો.હૈદર (સુરત.)



વિરાણી મહમ્મદ એ. (ભાવનગર.)




નઈમી શબ્બીરઅલી નદિમઅલી (રાજુલા સીટી)



મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી (રાજુલા સીટી)



# પરીક્ષા

એક વખત રસૂલે અકરમ સ.અ.વ.એ પોતાની પાસે એકત્ર થયેલા લોકો (અનુયાયીઓ)ને એક પ્રશ્ન કર્યો. જેનો કોઈ યોગ્ય ઉત્તર આપી શક્યું નહીં.

પ્રશ્ન હતો ઈમાનની કડીઓમાંથી સૌથી મજબૂત કડી કઈ છે ?

એક સહાબી સાથીએ કહ્યું : “નમાઝ”

રસૂલે એકરમ (સ.અ.વ.)એ ઈર્શાદ ફરમાવ્યું : “ના”

બીજાએ અરજ ગુજારી : “ઝકાત”

આપ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું : “ના”

ત્રીજાએ જવાબ આપ્યો : “રોજો”

આપ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું : “ના”

ચોથાએ કહ્યું : “હજએ ઉમરાહ”

આપ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું : “ના”

પાંચમાંએ કહ્યું : “જિહાદ”

આપે ફરમાવ્યું : “ના”

ઉપસ્થિત તમામ લોકોમાંથી જ્યારે કોઈએ સાચો જવાબ ન આપ્યો તો આપ સ.અ.વ.એ પોતે કહ્યું : આ બધી વસ્તુઓ જે તમે વર્ણવી છે તે તમામ ઘણી ઉચ્ચ દરજ્જાની અને ફઝીલતવાળી છે, પરંતુ તે મારા પ્રશ્નનો સાચો જવાબ નથી. ઈમાનની કડીઓમાંથી સૌથી વધારે મજબૂત કડી “ખુદાની પ્રસન્નતા મેળવવા માટેની મિત્રતા અને ખુદાની મરજી (રાજીપું) મેળવવા માટેની દુશ્મની છે.”



E-mail : hadimasik@yahoo.com

# પત્રાવલી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

## સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !

1) જબ્દે બોલ બીસ્મીલ્લાહ
અલીફ સે યાદ કર અલ્લાહ

2) જહા તક તેરી ઝીંદગી
કરો બરાબર કી બંદગી

3) રખો રમઝાન કે રોઝે
મીટાવો આગ કે શોલે

4) ઝકાત માલ કી દેના
હર દમ ખુદા કી યાદ મે રેહના

5) ન કર ચાડી ન કર ચુગલી
ન દે મા-બાપ કો ગાલી

6) ફરિશ્તે કાંધે પર બૈઠે
બદી નેકી બદી લીખે

7) કબ્ર કી રાત અંધેરી
ન દીયા ન રોશની

8) સુલાને સબ ચલ આયે
અકેલા છોડ કર જાયે

નામ:- ગોવાણી મહમદ હુસનૈન હુસૈન અલી
સરનામુ:- પાલીતાણા ખત્રી વાડ ખોજા મસ્જીદ પાસે
ઉંમર:- 7 (સાત) વર્ષ

**ગોવાણી મહમદ હુસનૈન હુસૈનઅલી**
પાલીતાણા ખત્રીવાડ, ખોજા મસ્જીદ પાસે.

"Hadi Masik"

અસ્સલામુન અલયકુમ

સલામ બાદ જણાવવાનું કે અમને આપનું હાદી માસીક ખુબજ ગમે છે. અમને વાંચવાની ખુબજ મજા આવે છે. અને ઘણું બધું ઈતિહાસ જાણવા મળે છે. હાદી માસીકમાં આવતી ઈસ્લામની વાર્તાઓ, સવાલ-જવાબ અમને ખુબ ગમે છે.

અમો ખુદા પાસે દુઆ કરીએ છે કે આ હાદી માસીક હંમેશા ચાલતું રહે અને દરેક શીયા ભાઈઓ, બહેનો ખુબ ખાસ વાંચે. બાળકો આનો ખુબ ફાયદો ઉઠાવે. ઈમામનો ઝુહુર જલ્દી થાય અને તેના અન્સારોમાં આપણો શુમાર થાય. (ઈલાહી આમીન)





Name - Mohd. Zaid A. Mirza
Age - 5 years
City - Bhavnagar

Name - Hasnain Raza A. Mirza
Age - 11 years
City - Bhavnagar

**મોહંમદ ઝૈદ અને હસનૈન રઝા એ. મીરઝા**
ભાવનગર.

નામ:- મોહમ્મદ રઝા એમ. રાજાણી
ગામ:- પાલીતાણા

મુનાજાત

બિસ્મિલ્લાહ હિર્રહમાન નિર્રહીમ

દુનિયા કે એ મુસાફીર મંઝીલ તેરી કબર હય
તય કર રહા હૈ જો તુ દો દીન કા યે સફર હય
દુનિયા કે એ મુસાફીર----

1) જબ સે બની હૈ દુનિયા લાખો કરોડો આયે
બાકી રહા ન કોઈ મટ્ટી મેં સબ સમાયે
ઈસ બાત કો ન ભુલો સબકા યહી હશ્ર હય
દુનિયા કે એ મુસાફીર----

2) યે આલીશાન બંગલે વહા કામ કે નહીં હય
મખમલ મેં સોને વાલે મટ્ટી મેં સો રહે હય
દો ગઝ ઝમીં કા ટુકડા છોટા સા તેરા ઘર હય
દુનિયા કે એ મુસાફીર----

3) આંખો સે તુને અપની દેખે હૈ કીતને જનાઝે
હાથો સે તુને અપને દફનાયે કીતને મુર્દે
અંજામ સે તુ અપને કયું ઈતના બેખબર હય
દુનિયા કે એ મુસાફીર

**મોહમ્મદ રઝા એમ. રાજાણી**
પાલીતાણા.

હ. અલી રઝા

નામ :- હ. અલી રઝા.
પિતા :- હ. નુરુલ કાઝીમ રઝા.
માતા :- જ. નઝમા ખાતુન
દાદા :- હ. ... સાદીક
દાદી :- જ. હમીદા ખાતુન
... :- રઝા, આબિદ, રઝી
જન્મ :- 11 ઝિલ્કાદ
વય :- 5 5 વર્ષ

બુખારી અલીનવાઝ
Mahdi School
Bhavnagar.

**બુખારી અલીનવાઝ**
મહેદી સ્કૂલ, ભાવનગર.





E-mail : hadimasik@yahoo.com

- ન આપ -

પાડોશીને તકલીફ............. ન આપ.

પત્નીને મહેણું ................ ન આપ.

કોઇને ખોટી સલાહ............ ન આપ.

રજા વગર અન્યની વસ્તુ........ ન આપ.

માલ પાછળ ઇજ્જત ........... ન આપ.

- ન ખા -

વધારે ...................... ન ખા.

બધાની સામે ................ ન ખા.

ખૂબ ભૂખ વગર............... ન ખા.

બજારમાં ઊભા ઊભા.......... ન ખા.

હરામનો માલ ................. ન ખા.

કંજુસનું ભોજન............... ન ખા.

- ન કર -

અનુભવ વિના કોઇનો ભરોસો ........ ન કર.

સલાહ વગર કોઇ કામ .............. ન કર.

કોઇ ની ટીકા ....................... ન કર.

સગાથી સંબંધ પૂરો .................. ન કર.

પીઠ પાછળ બુરાઇ .................... ન કર.


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ, જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી. ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.





# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


